# આપણા વિચારોનો પહેરવેશ એટલે શબ્દો અને શબ્દોનો પહેરવેશ એટલે પુસ્તકો...





પંચામૃત સમા નેશનલ બુકફેરના પાંચમાં દિવસે પુસ્તકપ્રેમીઓ, દિવ્યાંગો અને બીજી અનેક સંસ્થાનાં વિદ્યાર્થીઓનું સમગ્ર ગુજરાતમાંથી આગમન થયું હતું. આજના મુલાકાતીઓની સંખ્યા અંદાજિત 17,000એ પહોંચી હતી. નર્સિંગ કૉલેજનાં વિદ્યાર્થીઓએ નેશનલ બુક ફેરની મુલાકાત લીધી હતી.

ડેપ્યુટી કમિશ્નર શ્રી સી. આર. ખરસાણ સાહેબે આજે નેશનલ બુકફેરની ખાસ મુલાકાત લીધી હતી અને આ ભવ્ય અને દિવ્ય આયોજનને બિરદાવ્યું હતું.

ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલમાં આજ રોજ 1. Balit - Iran, 2. Block Heads Laurel and Heardy) ફિલ્મોનું આયોજન થયું હતું. ફિલ્મો બાળકોને બહુ પસંદ આવી હતી. ફિલ્મોમાં આનંદ સાથે જીવન જીવવાના આદર્શો પણ અભિવ્યક્ત થયા હતા.














નેશનલ બુકફેરની મુલાકાત લેનાર લોકો દ્વારા પુસ્તક પરબમાં કુલ 198 પુસ્તકો ડોનેટ કર્યા હતા. જ્યારે 280થી પણ વધુ પુસ્તકો લોકો વાંચવા માટે લઈ ગયા હતા.



નેશનલ બુકફેરમાં સવારે જ્ઞાનગંગા વર્કશોપ અંતર્ગત નાટ્યશાળાનું આયોજન થયું હતું. જાણીતા લેખક ડૉ. સતીષ વ્યાસએ જણાવ્યું કે નિબંધ લખાય એમ નાટક ન લખાય. નાટક ના-ટક છે, નાટક જુદી સભાનતા માંગી લે એવું સ્વરૂપ છે, જેમાં મંચની જાણકારી જરૂરી છે. એ વીજળીના ચમકારે મોટી પરોવીએ એમ પ્રોવાનું હોય છે. શૌનક વ્યાસે નાટયલેખનનું ઉત્તમ મંચન થાય એવું હોવું જોઈએ.'ના નમૂનાઓ બતાવ્યા હતા, જેની જુદી જુદી પ્રયુક્તિ જણાવી હતી. નાટકના દ્રશ્યો બદલાય ત્યારે લેખકે કેવી તકેદારી રાખવી અને રંચસૂચનની સમજ આપી હતી.




'Author's Corner' માં આજે રવિ ઈલા ભટ્ટના પુસ્તકના "રંગ વગરનું ચરિત્ર"નું વિમોચન કરવામાં આવ્યું હતું. સર્જકે એની કેફિયત રજૂ કરી હતી. ઉપસ્થિત શ્રોતાઓએ લેખક સાથે સંવાદ રચ્યો હતો.



શ્રી સતીષ વ્યાસ લિખિત અને શૌનક વ્યાસ દિગ્દર્શિત નાટક "મન મગન હુઆ"ના મંચનમાં ત્રણેય પાત્રોનું સંવેદના સભર ચરિત્ર નિરૂપણ ઉત્કૃષ્ટ અભિનય દ્વારા કરી શ્રોતાઓની તાળીઓનો ગડગડાટ મેળવ્યો હતો.



કવિતા એવી ઋતુ છે જેને કદી પાનખર બેસતી નથી. ગઝલના ગુલમહોર તળે રાત્રે મુશાયરામાં સર્વશ્રી રાજેન્દ્ર શુક્લ, રાજેશ વ્યાસ, હર્ષ બ્રહ્મભટ્ટ, મનીષ પાઠક, ચંદ્રેશ મકવાણા, ભાવેશ ભટ્ટે કાવ્યપાઠ કર્યો હતો. સંચાલન મધુ પટેલે કર્યું હતું. કવિઓની રચનાને બીટવીન લાઈન્સ ભાવકોએ માણી હતી. ગુજરાતી કવિતામાં નવી હવા લઇ આવનારા આ સર્જકોનો અંદાજે બયા ભાવકોને બહુ પસંદ પડ્યો હતો. મરીઝ કહે છે તેમ 'હો ગૂર્જારીની ઓથ કે ઉર્દૂની હો મરીઝ, ગઝલો ફક્ત લખાય છે દિલની ઝબાનમાં'.

આમ દિલથી વ્યક્ત થયેલી કવિતા અનેક દિલ સુધી પહોંચી હતી. આમ, કવિતામય સાંજ સાથે નેશનલ બુકફેરનો પાંચમો શાનદાર દિવસ પૂર્ણ થયો હતો.